જિલ્લામાં ૨૬૧ નવા કેસ : ૩૭૯ ડિસ્ચાર્જ

જિલ્લામાં રિકવરી રેટમાં વધારો થયો : ગાંધીનગરમાં 33, કલોલમાં 32, માણસામાં ૪૫, દહેગામમાં ૪૨ કેસ : 3 દર્દીના સારવાર દરમ્યાન મોત : સે. 30 માં ૧૦, કુડાસણ, પેથાપુર, વાવોલમાં ૮-૮ કેસ, સે. ૨ માં ૭, સે. ૫ માં ૬, સે. ૭, રાંદેસણ, સુઘડમાં ૫-૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો સિલસિલો યથાવત્ રહેવા પામ્યો છે. જિલ્લામાં ઝડપથી રિકવરી રેટમાં પણ સુધારો થઈ રહ્યો હોવાથી તંત્રએ રાહતનો આજે અહેસાસ કર્યો છે. જિલ્લામાં આજે પણ કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં કોરોનામુક્ત થયેલા દર્દીઓ વધુ નોંધાયા છે.

જિલ્લામાં આજે કોરોનાના ૨૬૧ કેસ નવા નોંધાયા છે. જ્યારે

રિકવરી પ્રાપ્ત કરી ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા ૩૭૯ છે. જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૨ અને ગાંધીનગર શહેરમાં ૧૦૯ કેસ કેસ નોંધાયા છે. જિલ્લામાં જો કે મહિલાઓ સંક્રમિત થવાનો આંક હજુ ૧૦૦ થી નીચે ન જતાં તંત્ર ચિંતાતુર છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫૨ કેસ નોંધાયા છે. જેમાં દહેગામમાં ૪૨, માણસામાં ૪૫, કલોલમાં ૩૨ અને ગાંધીનગરમાં ૩૩ કેસનો સમાવેશ થાય છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૨૦ વર્ષથી નીચેની વયના પાંચ દર્દી છે જ્યારે ૭૦ મહિલા સંક્રમિત થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાં આજે ૪૨ કેસ નોંધાયા છે. દહેગામ તાલુકામાં કેસો વધતાં તંત્રની ચિંતા વધી છે. દહેગામ અર્બનમાં આજે વધુ ૪ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ધમીજ, જિંડવા, મીરજાપુર, હાથીજણ, ધારીસણા, ખાનપુર, લવાડ, રખિયાલ, સાંપામાં ૨-૨ કેસ તેમજ હિલોલ, મોટી પાવઠી, હરસોલી, કડાદરા, નરનાવત, જુના થામ્બલિયા, મોટીમાછંગ, નાગજીના મુવાડા, નવા થામ્બલિયા, પીપલજ, વીરપુરા, અમરાભાઈના મુવાડા, બાબરા, નવા જલુન્દ્રા, ઓતમપુરા, અહમદપુરા, બિલામણા, નાંદોલ, સાણોદામાંથી પણ કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૩૩ કેસ નોંધાયા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તાર રૂપાલમાં ૮ કેસ, સરઢવમાં ૬ કેસ, જાખોરા, વાસણમાં ૩-૩ કેસ, સોનીપુર-ઉવારસદમાં ૨-૨ કેસ તેમજ દોલારાણા વાસણા, માધવગઢ, શિહોલી મોટી, ભોંયણરાઠોડ, મોટી આદરજ, ટીંટોડા, છાલા, ગીયોડ, અડાલજમાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં આજે પણ ૩૨ કેસ નોંધાયા છે. છેલ્લા એક સપ્તાહમાં જે રીતે સંક્રમણ તાલુકામાં વધ્યુ છે તેથી તંત્રની ચિંતા વધી જવા પામી છે.

કલોલ શહેરમાં આજે ૨૦ કેસ મળી આવ્યા છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૭ કેસ અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૧૩ કેસ મળી આવ્યા છે. કલોલ શહેરમાં સંક્રમણ વધતાં તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ, ફરજીયાત માસ્કના નિયમની કડક અમલવારી માટેની સૂચનાઓ આપી છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજે રાંચરડા, સાંતેજમાં ૨-૨, આરસોડિયામાં ૩ કેસ તેમજ બોરીસણા, વડસર, ખાત્રજ, નારદીપુર, છત્રાલમાંથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં પણ કોરોનાના સંક્રમણે જે રીતે ભરડો લીધો છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ ટેસ્ટીંગ, ટ્રેકિંગ અને ટ્રેસીંગ સિસ્ટમને વધુ સઘન બનાવવા પર ભાર મુક્યો છે.

માણસા અર્બનમાંથી ૯ કેસ અને બિલોદરામાંથી ૩ કેસ ઉપરાંત ખડાત, અંબોડ, પુંધરા, લિમ્બોદરા, વાગોસણા, અલુવા, બદપુરા, માણેકપુર, વરસોડામાંથી ૨-૨ કેસ તેમજ આજોલ, હરણાહોડા, ખાટા-આંબા, પરબતપુરા, અનોડિયા, મહુડી, રંગપુર, ગલથરા, લોદરા, ચડાસણા, જામળા, મણિનગર સોજા, સોજા, દેલવાડાથી કેસો મળી આવેલા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭૫૮૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમ્યાન આજે ૩ દર્દીના મૃત્યુ થયાનું રાજ્ય સરકારે જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦૨૨ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૩૭૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની સંખ્યામાં ઘટાડો થવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. શહેરમાં આજે વધુ ૧૦૯ કેસ નોંધાયા છે.

શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં ૫૪ અને શહેરના અન્ય વિસ્તારોમાં ૫૫ કેસ નોંધાયા છે. શહેરમાં નાના-બાળકો સંક્રમિત થવાની વાતને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે ૧૦ વર્ષથી ઓછી આયુ ધરાવતા ૩ બાળકો સંક્રમિત થયેલા મળ્યા છે જો કે ૨૦ થી ઓછી આયુ ધરાવતા ૧૩ બાળકો મળી આવ્યા છે.

શહેરમાં આજે ૪૨ મહિલા દર્દીઓ સંક્રમિતોની યાદીમાં છે. આ ઉપરાંત ૬૦ થી વધુ વયના ૮ જેટલા દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૩૦ માં ૧૦, સે. ૨, માં ૭, સે. ૫ માં ૬, સે. ૭ માં ૫, સે. ૨૪ માં ૪, સે. ૧૨, ૧૪, ૧૭ માં ૩-૩ કેસ, સે. ૩, ૧૩, ૨૩, ૨૬ માં ૨-૨ કેસ તેમજ સે. ૧, ૨૦, ૨૧, ૨૨, ૨૭ અને ૩-એ-ન્યુમાંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં કુડાસણ, પેથાપુર, વાવોલમાં ૮-૮ કેસ, સરગાસણમાં ૬, રાંદેસણ, સુઘડમાં ૫-૫ કેસ, ધોળાકુવામાં ૪, રાયસણમાં ૩, અમીયાપુર, રાંધેજામાં ૨-૨ કેસ તેમજ ઝુંડાલ, નભોઈ અને જીઈબીમાંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં આજે ૨૩૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો હોવાથી તંત્રએ રાહતની લાગણી અનુભવી છે.

શહેરની કોવીડ હોસ્પિટલમાં રોજનો ૧૬ ટન ઓક્સિજનનો વપરાશ

વોર્ડમાં સારવાર લેતા મોટાભાગના દર્દીઓ ઓક્સિજનની જરુરીયાતવાળા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં હાલની સ્થિતિએ રોજનો ૧૬ ટન ઓક્સિજનનો જથ્થાનો વપરાશ થાય છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ૩૨૦ થી પણ વધુ દર્દીઓ એડમીટ છે. જેમાં મોટાભાગના દર્દીઓ ઓક્સિજનની જરુરીયાતવાળા છે. જયારે થોડા સમય પહેલા કોરોનાના દર્દીઓથી સિવિલ ઉભરાતા ૨૨ ટન ઓક્સિજનનો પ્રતિદિન વપરાશ થતો હતો. હાલ કોવીડ હોસ્પિટલમાં દર્દીઓનું ભારણ ઘટતા ઓક્સિજનના વપરાશમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વૈશ્વિક મહામારી કોરોનાની બીજી લ્હેરે હાહાકાર મચાવતા નાગરીકો ભયભીત બની ગયા હતા. સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં બેડ ખુટી ગયા હતા. હોસ્પિટલ બહાર એમ્બ્યુલન્સમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી હતી. ત્યારે હોસ્પિટલ દર્દીઓથી ભરચક હતી, જેમાં મોટાભાગના દર્દીઓ ઓક્સિજનની જરુરીયાતવાળા હતા. ત્યારે ગાંધીનગર સિવિલમાં રોજનો ૨૨ થી ૨૪ ટન ઓક્સિજનનો વપરાશ થતો હતો. ત્યારે હાલ કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. કોવીડ હોસ્પિટલમાં દર્દીઓને સારવાર આપવામાં આવે છે. કોવીડ ઓપીડી બહાર ૧૦૮ ની લાઈન ઓછી થવા પામી છે.જયારે હાલ ૩૨૦ થી વધુ દર્દીઓ કોરોના સારવાર મેળવી રહ્યા છે. ત્યારે કોલવડા કોવીડ કેર સેન્ટર ખાતે પણ દર્દીઓને સારવાર માટે મોકલી આપવામાં આવે છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં દર્દીઓ સારવાર લઈ રહ્યા છે તેમા મોટાભાગના દર્દીઓ ઓક્સિજનવાળા હોવા છતા રોજનો ૧૬ ટન ઓક્સિજનનો વપરાશ થાય છે. જયારે તાજેતરમાં તંત્ર દ્વારા ઓક્સિજનમાં ઘટાડો કરાતા દર્દીઓને એડમીટ માટે સિવિલ તંત્રએ પણ વિચારવુ પડતુ હતું. ત્યારે હાલ દર્દીઓની સંખ્યા ઘટતા અને ઓક્સિજનનો વપરાશ પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

કોવીડ હોસ્પિટલમાં મોબાઈલ વિના વર્ગ-૪ ના કર્મચારીઓની ડ્યુટી

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં એડમીટ દર્દીઓ પાસે સારવારના નામે યેનકેન પ્રકારે પૈસા પડાવતા હોવાનું કૌંભાડ સામે આવ્યું છે. કેટલાક લેભાગુ તત્વોએ દર્દીઓને એડમીટ કરવાના પણ હજ્જારો રૂપીયા લીધા હોવાનું સામે આવ્યું છે. ત્યારે સિવિલમાં પૈસાની બાબતે થતા આક્ષેપોને પગલે આઉટસોર્સિંગના કર્મચારીઓ ડયુટી દરમિયાન મોબાઈલનો ઉપયોગ નહી કરે, જેથી દરેક કર્મચારી સવારે મોબાઈલ જમા કરાવશે અને નોકરી પૂર્ણ થયા બાદ પરત મેળવી શકશે.

સિવિલમાં નાણાકીય વ્યવહાર કરવો નહી તેવા બોર્ડ લગાવાયા

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલમાં કોવીડની સારવાર સંપૂર્ણ વિના મુલ્યે કરવામાં આવે છે. જેથી કોઈ પણ વ્યકિતએ કોઈપણ સ્ટાફ સાથે નાણાકીય વ્યવહાર કરવો નહી, તેમજ જો કોઈ વ્યકિત નાણાકીય માંગ કરે તો તાત્કાલીક આરએમઓ કચેરીમાં જાણ કરવા જણાવાયું છે.

શહેરમાં એક લાખ ૧૦ હજારને વેક્સિનેશન હેઠળ આવરી લેવાયા

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧ લાખ, ૯૦ હજારને વેક્સિનેશન હેઠળ આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ૧,૧૦,૦૦૦ લોકોને કોરોના વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૭૫ હજારથી વધુ લોકોને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

શહેરમાં વેક્સિનેશન માટે ડ્રાઈવ થ્રુ વેક્સિનેશન અભિયાનમાં આજે ૧૪૦ થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જો કે આજે શહેરમાં ૩૮૫૦ થી વધુ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧,૯૦,૫૬૩ લાભાર્થીને પ્રથમ ડોઝ અને ૭૨,૨૫૪ લાભાર્થીને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૪૫ થી ૬૦ વય જુથના કો.મોર્બિડીટી ધરાવતા અને ૬૦ થી વધુ વય જૂથના કુલ ૧,૬૦,૧૮૧ લાભાર્થીને પ્રથમ ડોઝ અને ૫૩,૪૬૭ લાભાર્થીને બીજો ડોઝ આપવામાં આવ્યો હોવાનું આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર સહિત રાજ્યના ૮ મહાનગરોમાં ૧૮મી મે સુધી રાત્રિ કર્ફ્યુ લંબાવાયો

મુખ્યમંત્રીના અધ્યક્ષતામાં કોર કમિટિની બેઠકમાં કોરોનાની તાજી સ્થિતિ પર ચર્ચા બાદ વધુ એક સપ્તાહ માટે નિયંત્રણો જારી રાખવાનો નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકારે સમગ્ર પરિસ્થિતીનો કયાસ કાઢીને અને નાગરિકોને વધુ સલામતિ આપવાના આશયથી રાત્રિ કરફ્યુ સહિતના મર્યાદિત નિયંત્રણો વધુ એક સપ્તાહ લંબાવવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિની બેઠકમાં રાજ્યમાં કોરોના કેસોના નિયંત્રણમાં પ્રજાના સહયોગથી મળેલી સફળતા અંગે લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન આ નિયંત્રણો જાળવી રાખવાનો નિર્ણય કરાયો હતો.

મુખ્યમંત્રીએ આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજ્યના નાગરિકો, આરોગ્ય જગતના તબીબો સૌના સહયોગ અને સહિયારા પ્રયાસોને પરિણામે ગુજરાતે કોરોના સંક્રમણ નિયંત્રણમાં કેસોના ઘટાડાની સફળતા મેળવી છે

તેમણે આ સંદર્ભમાં ઉમેર્યુ કે, ૨૭ એપ્રિલે રાજ્યમાં ૧૪,૫૦૦ જેટલા કોરોના કેસ હતા તે હવે ઘટીને ગઈકાલે ૧૧,૦૦૦ જેટલા થઈ ગયા છે.

કોર કમિટિની આ મહત્વપૂર્ણ બેઠકમાં રાજ્યમાં હાલ ૩૬ શહેરોમાં રાત્રિ કરફ્યું સહિતના રાજ્યમાં જે નિયંત્રણો ભારત સરકારના ગૃહ મંત્રાલયની માર્ગદર્શિકા સંદર્ભમાં લાગુ કરવામાં આવ્યા છે તે અંગે પણ ગહન ચર્ચા-વિચારણા હાથ ધરાઈ હતી

મુખ્યમંત્રીએ આ અંગે સ્પષ્ટ જણાવ્યું કે ગુજરાતમાં કોરોના કેસો વધ્યા નથી પરંતુ સમગ્ર દેશમાં કોરોના સંક્રમણની વ્યાપકતા ધ્યાનમાં લઈને ગુજરાત સરકારે રાજ્યના સૌ નાગરિકોને સલામત-સુરક્ષિત રાખવા તેમજ ઓછામાં ઓછી તકલીફ પડે તેવી હમદર્દી સાથે રાત્રિ કરફ્યુ અને વધારાના મર્યાદિત નિયંત્રણો વધુ એક સપ્તાહ માટે યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે

કોર કમિટિની બેઠકના આ નિર્ણય અનુસાર રાજ્યના ૮ મહાનગરો સહિત જે ૩૬ શહેરોમાં રાત્રિ કરફ્યુ તા.૧૧ મે-૨૦૨૧ સુધી રાખવામાં આવેલો તે તા.૧૨ મે-૨૦૨૧ થી તા.૧૮ મે-૨૦૨૧ એમ સાત દિવસ માટે દરરોજ રાત્રિના ૮ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી યથાવત અમલમાં રહેશે

મુખ્યમંત્રીએ રાજ્યના નાના મોટા વેપારી, ઉદ્યોગો તથા જનતા જનાર્દને રાજ્યમાં કોરોના સંક્રમણ અટકાવવાના હેતુથી રાત્રિ કરફ્યુ સહિતના વધારાના નિયંત્રણોના અમલમાં આપેલા સહયોગ અંગે આભારની લાગણી વ્યકત કરી હતી.

તેમણે ઉમેર્યુ કે, સૌના સહિયારા પ્રયાસો ફળદાયી નિવડયા છે અને કોરોના કેસોનું પ્રમાણ ઘટી રહ્યું છે.

રાજ્ય સરકારે સમગ્ર પરિસ્થિતીનો કયાસ કાઢીને અને નાગરિકોને વધુ સલામતિ આપવાના આશયથી રાત્રિ કરફ્યુ સહિતના મર્યાદિત નિયંત્રણો વધુ એક સપ્તાહ લંબાવવાનો નિર્ણય કર્યો છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

રેલવે અન્ડર પાસનુ આખરે નાગરિકોએ લોકાર્પણ કરી દીધુ

વાહનચાલકોએ બ્રિજની આડશમાં રહેલા પતરા અને વાંસ તોડીને માર્ગ ખુલ્લો કરી દીધો : અંદાજિત રૂ ૪૫ કરોડના ખર્ચે અન્ડર પાસ તૈયાર કરાયો છે : એક વર્ષથી બિન ઉપયોગી બનેલા અન્ડર પાસ પર વાહનો દોડતા થયા

ગાંધીનગર તા ૧૧

શહેરમાં ક થી ખ માર્ગને જોડતા રેલવે અન્ડર પાસનુ આજે નાગરિકોએ સ્વેચ્છાએ જ ખુલ્લો મુકી દીધો હતો. ગત માર્ચ મહીનાના અંતે અન્ડર પાસ તૈયાર થઈ ગયો હતો જયારે લોકાર્પણની રાહે અન્ડર પાસ ખુલ્લો ન મુકાતા વાહનચાલકો પણ તોબા પોકારી ગયા હતા જેના લીધે ટ્રાફિક સિનારીયો પણ બદલાયો હતો. રેલવે અન્ડર પાસના આડશમાં રહેલા પતરા અને વાંસ દુર કરી નાગરિકોએ અન્ડર બ્રિજનુ લોકાર્પણ કરી દીધુ હતુ. રેલવે અન્ડર પાસના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૪૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શહેરમાં છેલ્લા એક વર્ષથી બિન ઉપયોગી બની રહેલા નવનિર્મિત રેલવે અન્ડર પાસનુ આજે આમ નાગરિકોએ સ્વેચ્છાએ જ લોકાર્પણ કરી દીધુ હતુ. છેલ્લા ઘણાં સમયથી આ અન્ડર પાસ તૈયાર કરી દેવાયો હતો. જયારે અગાઉ છેવાડાના ભાગે દબાણો પણ દુર કરી દેવાયા બાદ અન્ડર પાસનુ બાકી કામ પણ પુર્ણ કરી દેવાયુ હતુ. પરંતુ અન્ડર પાસનુ વિધિવત લોકાર્પણ કરવામાં વિલંબ થયો હતો. શહેરમાં આમ પણ છેલ્લા બે વર્ષથી અન્ડ પાસની કામગીરીને અનુલક્ષીને લાંબા સમય સુધી ટ્રાફિક ડાયવર્ઝન અપાયુ છે. નગરના મુખ્ય ઘ માર્ગ પર થોડા દિવસો અગાઉ જ અન્ડર પાસ ખુલ્લો મુકાયો હતો જયારે હાલ ગ માર્ગ પર પણ અન્ડપાસના નિર્માણની કામગીરી ચાલી રહી છે. ત્યારે શહેરનો ટ્રાફિક સિનારિયો બદલાયો છે. વાહનચાલકો પણ લાંબા સમયથી પરેશાન છે. આ સ્થિતિ વચ્ચે ક માર્ગ થી ખ માર્ગને જોડતા આ રેલવે અન્ડર પાસનુ આજે નાગરિકોએ લોકાર્પણ કરી દીધુ હતુ. અન્ડર પાસ પર વાહનો દોડતા જોવા મળ્યા હતા. વાહનચાલકોએ અન્ડર પાસને આડશ કરતા વાંસના દંડા , પતરા સહીતના અવરોધો જાતે જ તોડી નાંખ્યા હતા જેના અંતે અન્ડર પાસ ખુલ્લો થઈ ગયો હતો. અન્ડર પાસના નિર્માણનુ કામ વર્ષ ૨૦૧૭ દરમિયાન શરૂ કરાયુ હતુ જો કે આ કામગીરી પુર્ણ થવામાં પણ લાંબો સમય થયો .વાવોલથી ગાંધીનગરને જોડતો નવો માર્ગ પણ નાગરિકોને મળ્યો છે.આ ઉપરાંત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મહાનુભાવોને હોટલ તરફ લઈ જવા માટે પણ અન્ડર પાસ ઉપયોગી બનશે.

શોક સંદેશ

મારા પત્ની **કુરેશી રહેમતબેન કેશુભાઈ (ઘાસવાળા)** (ઉ.વ.૭૨) સેક્ટર-૨૪, બ્લોક નં. ૭૨૫, આદર્શનગર સોસાયટી, ગાંધીનગર તા. ૧૭/૪/૨૦૨૧ના રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે.

ઉપરવાળાને જે ગમ્યું તે ખરું.

ઝિયારત બેસણું રાખેલ નથી, દુઆ કરશો.

લી.

કેશુભાઈ કુરેશી (૬૩૫૫૯૩૩૧૬૬)

કમરૂદ્દીન કેશુભાઈ ઘાસવાળા (૯૩૨૭૪૦૯૭૩૦)

અઝરૂદ્દીન કેશુભાઈ ઘાસવાળા (૭૯૮૪૬૩૩૩૧૩)

ટેલીફોનિક બેસણું

મારી વ્હાલસોયી દિકરી **ચિ. મેઘા અમૃતભાઈ પરમાર (ગામ-માણસા, હાલ-સેક્ટર-૨૫, ગાંધીનગર)** નું તા.૯-૫-૨૧ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્ગતનું ટેલીફોનિક બેસણું તા.૧૩-૦૫-૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે

સ્વ.મોતીભાઈ એસ. પરમાર
અમૃતભાઈ એમ. પરમાર - મો.૯૯૦૬૦ ૦૬૯૯૨
પ્રિયંક એ. પરમાર - મો.૯૯૦૬૯ ૬૫૬૦૦
જયના એ. પરમાર - મો.૮૧૬૦૧ ૯૨૫૫૬

સ્વ. બલદેવભાઈ એમ. પરમાર
અશોકકુમાર એમ. પરમાર - મો.૭૦૧૬૫ ૦૦૮૩૧
મનહરભાઈ એમ. પરમાર - મો.૯૫૧૦૮ ૮૯૮૫૬
કમલનયન બી. પરમાર - મો.૯૮૨૫૩ ૯૮૮૦૯

સેકટરોના દવાખાનાઓ કાર્યરત કરી વેક્સિનેશન સેન્ટર શરૂ કરવા રજુઆત

કોરોનાની મહામારીના સંજોગોમાં સેકટરોના બંધ દવાખાના શરૂ કરવા માટે શહેર વસાહત મહામંડળની રજુઆત

ગાંધીનગર તા ૧૧

શહેરના સેકટરોમાં સરકારી દવાખાનો લાંબા સમયથી બંધ હાલતમાં છે. જયારે હાલ કોરોનાની મહામારીના કપરા સમયમાં આ દવાખાનો શરૂ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરોમાં સરકારી દવાખાનો શરૂ કરવામાં આવે તો સ્થાનિકોને વેક્સિનેશન સહીત અન્ય સારવાર પણ સેકટરના દવાખાનામાંથી સરળતાથી ઉપલબ્ધ થાય. વર્ષ ૨૦૧૦ માં પણ આ દવાખાના શરૂ કરવા માટે આરોગ્ય વિભાગે સુચના આપી હતી પરંતુ હજુ સુધી તેનો અમલ થયો નથી જેના લીધે હાલ મહામારીના સંજોગોમાં પણ સેકટરવાસીઓને હાલાકી વેઠવી પડે છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ વર્ષ ૧૯૭૦ ના અંતે સેકટરોમાં નાગરિકોને ઘર આંગણે જ તબીબી સુવિધાઓ મળી રહે તે માટે આયોજન કરાયુ હતુ સેકટરોમાં કાર્યરત દવાખાનાઓમાં જ દર્દીઓનો ઈલાજ કરવામાં આવતો હતો જયારે લાંબા સમયના અંતે આ સેકટરોના દવાખાના બંધ થઈ ગયા હતા જયારે આ મામલે અનેકવાર રજુઆતો પણ કરવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળની રજુઆતના અંતે વર્ષ ૨૦૧૦ દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા સે-૩ અને સે-૪ માં પણ સુચના આપવામાં આવી હતી. હાલ કોરોનાની મહામારીના સંજોગોમાં સેકટરોના દવાખાનાઓ કાર્યરત કરીને વેક્સિનેશન સહીતની આરોગ્ય સેવા નાગરિકાને સરળતાથી મળી રહે તેવુ આયોજન કરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. મહામંડળને નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલને સેકટરોમાં દવાખાના શરૂ કરી યોગ્ય સ્ટાફ મુકવા માટે પણ જણાંવ્યુ છે. સેકટરોના દવાખાનો કાર્યરત થાય તો સિવિલ હોસ્પિટલનુ ભારણ પણ ઘટાડી શકાશે. સેકટરોમાં દવાખાનાઓ શરૂ કરી વેક્સિનેશન સેન્ટરો કાર્યરત કરવા માટે મહામંડળના મયુર વ્યાસ, કશ્યપ મહેતા, સુધીર દેસાઈ, પ્રદિપ સોલંકી, રશ્મીકાન્ત પંડયા, નરસિંહ પરમાર, જે કે પટેલ અને કીશોર જીકાદરા સહીતના સભ્યોએ રજુઆતમાં જણાંવ્યુ છે.

૪ સનદી અધિકારીઓ બદલાયા

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના ૪ સનદી અધિકારીઓની બદલીના હુકમો સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આજે જારી કરવામાં આવ્યા છે.

મહિલા બાળ વિકાસ વિભાગના કમિશનર એ.એમ. શર્માને પોરબંદર કલેક્ટર તરીકે, પોરબંદરના કલેક્ટર ડી.એન. મોદીને કમિશનર આઈસીડીએસ તરીકે, બી.કે. પંડ્યા એડી. કમિશનર સેલ્સ ટેક્સને ડાંગ કલેક્ટર તરીકે અને સુશ્રી ગાર્ગી જૈનને મહિલા બાળ વિકાસ વિભાગમાંથી બદલી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં મુકવામાં આવ્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com